અપીલ અરજી નં.૩૯૫ તા.૯–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા.૫–૨–૧૧ની અરજીથી મુદ્દા નં. ૧ લીંબાયત ઝોન વિસ્તારમાં આવેલ કોયલાખાડી વિસ્તારમાં આવેલી ઝુંપડપટ્ટીનું ડિમોલેશન અગાઉ આપના તરફથી કેટલાંક ઝુંપડાઓને સર્વે કરીને એચ.એન. નંબર આપવામાં આવેલા છે તેવા તમામની સંખ્યા જણાવવા બાબત. મુદ્દા નં. ૨ જે આપશ્રી તરફથી નીચે લખ્યા મુજબનાં એચ.એન. નંબર પર કયા વ્યકિતઓના નામો આપના એચ.એન. નંબર જેવા કે ૪૭,૪૯,૫૧, ૧૦૦ , ૨૯૮,૧૦૮,૧૦૧,૨૯૭,૧૦૨,૩૩૭,૨૨૫,૧૬૯ તમામનાં નામોવાળુ લીસ્ટ આપવા બાબત. મુદ્દા નં. ૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.**

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૯–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૫/૨૦૧૦–૧૧.

શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરીની તા.૫–૨–૧૧ની અરજીથી મુદ્દા નં. ૧ લીંબાયત ઝોન વિસ્તારમાં આવેલ કોયલાખાડી વિસ્તારમાં આવેલી ઝુંપડપટ્ટીનું ડિમોલેશન અગાઉ આપના તરફથી કેટલાંક ઝુંપડાઓને સર્વે કરીને એચ.એન. નંબર આપવામાં આવેલા છે તેવા તમામની સંખ્યા જણાવવા બાબત. મુદ્દા નં. ૨ જે આપશ્રી તરફથી નીચે લખ્યા મુજબનાં એચ.એન. નંબર પર કયા વ્યકિતઓના નામો આપના એચ.એન. નંબર જેવા કે ૪૭,૪૯,૫૧,૧૦૦,૨૯૮,૧૦૮,૧૦૧ ,૨૯૭,૧૦૨,૩૩૭,૨૨૫ , ૧૬૯ તમામનાં નામોવાળુ લીસ્ટ આપવા બાબત. મુદ્દા નં. ૧ થી ૧૦ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૯ તા.૧૭–૩–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને મુળ અરજી તેમની જાણ હેઠળ તબદીલ થયેલ હોય તો જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૪૪૨ તા.૩૦–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૪૪૪૧ તા.૩૦–૩–૧૧ ના પત્રની નકલ, સુરત મહાનગરપાલિકાની વિસ્તારની ઝુંપડપટ્ટીઓ પૈકી સ્થળાંતર કરવા પાત્ર ઝુંપડપટ્ટીઓના ઝુંપડાવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા ફાળવવા ખાતે જેએનએનયુઆરએમ/બીએસયુપી અંતર્ગત તૈયાર થયેલ આવાસોના સ્થા.સ. નં.૧૮૩૮ તા.૨૮–૧૨–૦૭ તથા સ્થા.સ. નં.૮૧૪ તા.૨–૭–૦૯ ના ઠરાવની નકલ તથા સ્લમ અપગ્રેડેશન સેલ કોયલી ખાડી ઝુંપડપટ્ટીને ડ્રો ધ્વારા ફાળવવામાં આવેલ તા.૨૪–૧૨–૧૦ અને તા.૨૫–૨–૧૧ ની યાદીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં તા.૮–૪–૧૧ નો પત્ર મળેલ છે.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી સ્લમ વિસ્તારમાં આવેલ કોયલી ખાડી ઝુંપડપટ્ટીનું સર્વે ડીમોલીશન એચએન નંબર આવાસ ફાળવણી વિગેરે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૪૪૧ તા.૩૦–૩–૧૧ થી મુદ્દા નં.૧ થી ૧૦ ની આપવામાં આવેલ છે. મુદ્દા નં. ૧ લીંબાયત ઝોન વિસ્તારમાં આવેલ કોયલાખાડી વિસ્તારમાં આવેલી ઝુંપડપટ્ટીનું ડિમોલીશન અગાઉ આપના તરફથી કેટલાંક ઝુંપડાઓને સર્વે કરીને એચ.એન. નંબર આપવામાં આવેલા છે તેવા તમામની સંખ્યા જણાવવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સાઉથ ઈસ્ટઝોન લીંબાયતઝોન વિસ્તારમાં કોયલી ખાડી ઝુંપડપટ્ટીના ઝુંપડાઓના ડીમોલીશન અગાઉ ઝોન કચેરી તરફથી ઝુંપડાઓનું સર્વે કરી એચઆઈએન આપવામાં આવેલ છે તેવા તમામની સંખ્યા અને નામો અરજદારે માંગેલ હોય એવી લીંબાયતઝોન ખાતેથી એચઆઈએન નંબર આપવાની કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી. જે અરજદારને જણાવવા જોગ છે. વધુમાં જણાવવાનું કે બાયોમેટ્રીક સર્વે સંલગ્ન એચઆઈએન નંબર આપવાની કામગીરી સુરત મહાનગરપાલિકાના સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. ૨ જે આપશ્રી તરફથી

નીચે લખ્યા મુજબનાં એચ.એન. નંબર ૫૨ કયા વ્યકિતઓના નામો આપના એચ.એન. નંબર જેવા કે ૪૭,૪૯,૫૧, ૧૦૦ , ૨૯૮,૧૦૮,૧૦૧,૨૯૭,૧૦૨,૩૩૭,૨૨૫ , ૧૬૯ તમામનાં નામોવાળુ લીસ્ટ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એચઆઈ એન નંબર સામે ફાળવેલ વ્યકિતઓના નામ (૧) ૪૭ વાઘેલા રાજુભાઈ ચતુરભાઈ , દેવી પુજા મીના રાજુ, દેવી પુજા રાજુ સતરૂ. (૨) ૪૯ વાઘરી નટુભાઈ બાબુભાઈ (૩) ૫૧ ડેવીડ હસાભાઈ નાનુભાઈ. (૪) ૧૦૦ મિશ્રા સંજયભાઈ લાલજીભાઈ, સરોજ સંજયભાઈ પિન્કા સંજયભાઈ (૫)૨૯૮ વર્મા સુરજભાઈ દિન દયાલ (૬) ૧૦૮ કલમ રામભાઈ કબાસ, પાંડે હરિઓમ રામકલા, પાંડે રૂબીબેન રામકલા (૭) ૧૦૧ ગુપ્તા રીન્કુબેન વિનોદભાઈ ગુપ્તા વિનોદ ગ્યાપ્રસાદ (૮) ૨૯૭ કુંવરભાડા ગીતા ગુપ્તા કુમાર મૌાબેન ગીતાબેન (૯) ૧૦૨ હાસ્મીલ હર્ષદભાઈ સુમનભાઈ (૧૦) ૩૩૭ સીંગ માતાપ્રસાદ રંગ બહાદુર રવિન્દ્ર માતા સીંગ (૧૧) ૨૨૫ ગૌડ અશોકકુમાર રામફેર (૧૨) યાદવ તિકલરામ બંસીરાજભાઈ ઓમ પ્રકાશ બંનરાજ જણાવેલ છે. મુદ્દા નં.૩ ઉપરોકત એચએન નંબરો આપવામાં આવેલ છે તે તમામના નામોની વિગત આપવા બાબત. ઉપરોકત મુદ્દા નં.૨ માં જણાવ્યા મુજબ છે. મુદ્દા નં.૪ તમારા તરફથી ઝુંપડા સર્વેની કામગીરી કયા કયા વર્ષમાં કઈ કઈ તારીખે કરવામાં આવેલ છે ત્યાર બાદ ૨૦૦૭ અને૨૦૧૦ ડીસે. સુધીમાં કયા વર્ષમાં અને કયા મહીનામા સર્વેમા ઝુંપડાની વધઘટ થયેલ છે કે કે કેમ? તે સંખ્યાબંધ બતાવવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન (લીંબાયત) તરફથી કોયલીખાડી ઝુંપડપટ્ટીના સ્થળાંતર માટે સ્થળ સ્થિતિ મુજબના ફોર્મ મે–૨૦૧૦ થી મેળવવામાં આવેલ . જેમાં કુલ–૩૮૫ અસરગ્રસ્તોને ફોર્મ મેળવવામાં આવેલ. અગાઉ સ્લમ અપગ્રડેશન સેલ સુમપા તરફથી કરવામાં આવેલ બાયોમેટ્રીક સર્વે દરમ્યાન કુલ ૩૮૮ એચઆઈએન નંબર આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ તમારા તરફથી સાઉથ લીબાંયતઝોન ધ્વારા કોયલી ખાડી ઝુંપડપટ્ટીના રહીશો માટે જે અગાઉ પહેલા તબકકાનો ડ્રો થયેલો હોય તેવા તમામ એચએન નંબર અને આવાસ મેળવનાર લાભાર્થીઓના નામો અંગેની તમામ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયતઝોન કક્ષાએથી કરવામાં આવેલ પ્રથમ તબકકાનું ડ્રો નું લીસ્ટ આ સાથે સામેલ છે પાના નં.૧ થી ૧૬ મુદ્દા નં.૬ તમારા તરફથી કોયલી ખાડીનું ડીમોલીશન તા.૨૮–૧–૧૧ ના દિને કરવામાં આવેલું હતું તે દરમ્યાન કેટલા ઝુંપડાવાળાઓનું સર્વે કરવામાં આવેલ છે. તેની સંપૂર્ણ ઝુંપડાઓની સંખ્યાઓ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૮–૧–૧૧ ના દિને ડીમોલીશન દરમ્યાન ઝુંપડાના સર્વેની કાર્યવાહી જરૂરી ન હોઈ તેવા કોઈ પણ પ્રકારના સર્વે કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ તમારા તરફથી જે સમયે સર્વે કરવામાં આવે તે સમયે એચએન નંબર નહીં આપવામાં આવેલ હોય તેવા કેટલા ઝુંપડાઓ બાકી હતા છે કે કે કેમ? જે વર્ષોથી સુમપાની જમીન ઉપર ગેરકાયદેસર કબ્જો જમાવીને ઝુંપડાઓ બાંધીને માથાભારી ઈસમો ધ્વારા ગરીબ શ્રમજીવી પરિવારોને ભાડે આપવામાં આવેલ હતાં. તેના તમારા ધ્વારા સર્વે કરતાં અગાઉ ત્યાંના ઝુંપડા માલિકે કબ્જેદાર ભાડુતોને ઝુંપડા ખાલી કરાવી દેવામાં આવેલ હતાં. તમારા નિયમોનુસાર આવાસ મેળવવા માટે વંચિત રહી જવા પામેલા છે તેવા પરિવારોને તમારા તરફથી ગુજરાત સરકારશ્રીના ભેગા થયેલા પરિવારોને તમારા તરફથી તે અંગે થયેલા અન્યાય અને તેઓ સર્વેમાં થયેલા હોય બાયોમેટ્રીકનહીં થયેલ હોય તેવા પરિવાર માટે કોઈ નિતી નિયમ તમારા રાજય સરકાર તથા મહાનગરપાલિકા ધ્વારા નિતી બનાવેલ છે ખરી? જો બનાવેલ હોય તો તે અંગેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન(લીંબાયત) તરફથી કોયલી ખાડી ઝુંપડપટ્ટીના સ્થળાંતર માટે સ્થળ સ્થિતિ મુજબના કુલ–૩૮૫ અસરગ્રસ્તોના ફોર્મ મેળવવામાં આવેલ છે. જે પૈકીમાં ૪૨ અસરગ્રસ્તોના એચ.આઈ.એન. નંબર અસરગ્રસ્તો તરફથી પ્રાપ્ત થયેલ નથી. વધુમાં જણાવવાનું કે અસર ગ્રસ્તોને વૈકલ્પિક વ્યવસ્થા પેટે આવાસ ફાળવવા માટે સુમપા તરફથી નકકી કરવામાં આવેલ ગાઈડલાઈનની નકલ આ સાથે સામેલ છે. મુદ્દા નં.(૮) મહાનગરપાલિકાની જમીન ઉપર ઝુંપડા બાંધીને ઝુંપડા માલિકોને સર્વે કરવાની ગંધ આવતા પહેલા કેટલાક ઝુંપડા માલિકે તેઓને ઝુંપડા ખાલી કરાવીને હાકી કાઢવામાં આવેલા. તેવા પરિવારો આજે રોડ ઉપર રખડતા થયેલા છે તેવા બેઘર થયેલ પરિવારોને માટે તે અંગે ઝુંપડા છોડીને માથાભારે માલિકોના ડરને ખાતર ખાલી કરી વેર વિખેર થઈ ગયેલા છે તેવા પરિવારોને લીંબાયતઝોનનમાં સાઉથ લીંબાયતઝોનમાં ફરી અરજી કરી હોય અને કરશે તેવા અરજદાર પરિવારોને તમારા તરફથી આવાસ મેળવવા લાભ અપાવશો ખરા? તેઓને ન્યાય આપવા બાબત. મુદ્દા નં.૯ સુમપાના સર્વે સમયે ઝુંપડામાં રહેતા કબ્જેદારોને બદલે તે સ્થળ ઉપર અન્ય ઈસમો ઝુંપડા સામે ગેરકાયદેસર રીતે ઉભા રહીને ફોટાઓ પાડવામાં આવેલ હોય તેવા પરિવારોને તમારા તરફથી આવાસની ફાળવણી થઈ છે તેવી હકીકત જાણવા મળેલ છે તે અંગેની તેમની પાસેથી કબ્જો ખાલી કરાવીને તમારા સાથે છેતરપીંડી કરેલ છે તે અંગે પણ લીંબાયતઝોન ઉપર પણ જાણ કરવામાં આવેલ. તેમ છતાં તેવા ઈસમોને આવાસની ફાળવણી કરવામાં આવેલ છે. જે અંગે અમોને દુખ થાય છે તે અંગે યોગ્ય તપાસ કરીને તેમની પાસેથી આવાસ પરત મેળવવા માટે યોગ્ય સ્થળ તપાસ કરી કરાવવા બાબત અને તે અંગેની માહિતી આપવા બાબત. મુદ્દા નં.૧૦ ગેરકાયદેસર આવાસ મેળવનાર પાસેથી તેમના કયા એચએન નંબર તથા કયા પુરાવાના આધારે આવાસની ફાળવણી કરવામાં આવી છે તે અંગે તેઓ કડક તપાસ હાથ ધરી ફાળવેલ આવાસ ખાલી કરાવી શકશે ખરા? મુદ્દા નં.૮,૯,૧૦ પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૭ માં જણાવ્યા મુજબની ગાઈડ લાઈન મુજબ જ લીંબાયતઝોન કક્ષાએથી વૈકલ્પિક વ્યવસ્થા પેટે આવાસ ફાળવણી કરવામાં આવે છે. જેમાં અરજદાર તરફથી પૂરક વિગતોમા (૧) તા.૧–૪–૧૧ ના રોજ દિન–૨૬ ના વિલંબથી માહિતી મળ્યાની રજૂઆત કરેલ છે.(૨) આપવામાં આવેલી માહિતીમાં ઘણો ફેરફાર કરવામાં આવેલ છે અને ઈન્ય ઈસમોને નામે કરાવીને તેમજ ફાળવણી કરી દેવામાં આવેલ છે. જેમને આવાસ ફાળવણી કરી છે તેમને અન્ય કોઈ પુરાવા આપવામાં આવેલ નથી અને

અસલ એચએન નંબર બદલી નાંખવાની રજૂઆત કરેલ છે. (૩) અને (૪) અરજીના અનુક્રમ નં.૭,૮,૯ અને ૧૦ એચએન નંબરોના ફેરફારની રજૂઆત કરેલ છે. આમ અરજદારે પૂરક વિગતોમાં અરજદારની અરજીના મુદ્દા નં.૭,૮,૯ અને ૧૦ ની માહિતીમાં અરજદારને ઝુંપડાઓની ફોર્મ ભર્યા અંગેની સંખ્યા તથા તે પૈકી પરત નહીં આવ્યાની સંખ્યા પણ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તે સિવાય અરજદારની માલીકીઓના ઝુંપડામાં રહેતા પરિવારોના મકાન ફાળવણી તથા ગેરકાયદેસર ઝુંપડાઓ આગળ ફોટા પડાવી ફાળવણી કરેલ ઈસમોની તકરારને લગતી રજૂઆત છે. જે અંગે તકરાર નિવારણમાં સક્ષમ સત્તાને રજૂઆત કરવાની રહે. વધુમાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિષેશ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં એચ.એન. નંબરો બદલી નાખવા જેવી અરજદારની પૂરક તબકકેની રજૂઆતના અનુસંધાને અરજદાર ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં સંપર્ક કરી કચેરી કામકાજ દરમ્યાન બાબત હેઠળના દફતરની તપાસણી કરવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે હુકમની અમલવારી કરવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે. અરજદાર તકરાર નિવારણને લગતા પ્રશ્ન અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧)સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રામદાસ ભીખાભાઈ ચૌધરી